**નાણાંકીય વર્ષ ૨૦૨૧-૨૨માં રેગ્યુલર ગ્રાંટ ના ફળવાય ત્યાં સુધી ૩૦ % ની મર્યાદામાં ખર્ચ કરવા બાબત...........**

હિસાબ નિયામકશ્રીની કચેરી
આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ
જા.નં.આકૃયુ / હિ.નિ. /કન્ટ્રોલ શાખા /૩/ ૨૦૨૧
તારીખ :- ૦૧/૦૪/૨૦૨૧

## -: પરિપત્ર:-

આણંદ કૃષિ યુનિવર્સિટી હસ્તકના તમામ યુનિટ/સબ યુનિટ અધિકારીશ્રીઓ અને ઉપાડ અને ચુકવણા અધિકારીશ્રીઓને જણાવવાનું કે, આપના યુનિટ/સબ યુનિટમાં ચાલતી પ્લાન / નોન પ્લાન / આઇ.સી.એ.આર. (૭૫% - ૨૫%) / આઇ.સી.એ.આર. ચાલુ સ્કીમો (૧૦૦%) / કે.વી.કે. / અધર એજન્સીની ચાલુ સ્કીમો યોજનાઓમાં ફરજ બજાવતા અધિકારી/કર્મચારીઓના નિયમિત પગાર-ભથ્થા તેમજ કન્ટીજન્સી (રીકરીંગ) સદરે ફક્ત મસ્ટર બીલ, આઉટ સોર્સથી રોકેલ ઇસમોના પગાર, લાઇટ બીલ, ટેલીફોન બીલ, સીક્યોરીટી બીલ, સાફ-સફાઇ બીલ, ગેસ્ટહાઉસ બીલ, ટેક્ષ અને વેરાઓ, પેટ્રોલ / ડીઝલ અને વાહન તેમજ લેબોરેટરી / ફાર્મ મશીનરીના રાખ-રાખવ અંગેનો ખર્ચ જેવી આવશ્યક સેવાઓ માટે જયાં સુધી ગ્રાન્ટ ફાળવણીના હુકમો ન થાય ત્યાં સુધી જે તે યોજનામાં ગત વર્ષમાં થયેલ કુલ ખર્ચનાં ૩૦ % ની મર્યાદામાં (પ્રોપોઝડ ગ્રાંટ)માં ચાલુ નાણાંકીય વર્ષ ૨૦૨૧-૨૨માં જુલાઇ-૨૦૨૧ સુધી જ ખર્ચ કરવાનો રહેશે.

આપની કચેરીમાં ફરજ બજાવતાં અધિકારી/કર્મચારીઓના પગાર-ભથ્થા બાબતના તફાવત (એરીયર્સ) બીલો, મુસાફરી ભથ્થાના બીલો, મેડીકલ રીમ્બર્સમેન્ટના બીલો, એલ.ટી.સી.ના બીલો તેમજ ઉકત આવશ્યક સેવાઓ સિવાયના બીલો જ્યાં સુધી જે તે યોજનામાં રેગ્યુલર ગ્રાંટ ફાળવવામાં ન આવે ત્યાં સુધી કોઇ પણ જાતનો ખર્ચ કરવો નહી. વધુમાં આઇ.સી.એ.આર. કે અધર એજન્સીની એડહોક યોજનાઓ કે જે ટુંકા ગાળા કે મર્યાદીત સમય-મર્યાદા માટે મંજુર થયેલ હોય અને ચાલુ વર્ષ દરમ્યાન ઓપનીંગ બેલેન્સ ઉપલબ્ધ હોય અથવા તો જે તે એજન્સી તરફથી ગત વર્ષની બંધ સીલક ચાલુ નાણાંકીય વર્ષ ૨૦૨૧-૨૨ દરમ્યાન વાપરવા કે ખર્ચ કરવા માટે ભલામણ અથવા તો મંજુરી મળેલ હોય તેવા સંજોગોમાં જ ફક્ત આવશ્યક સેવાઓ અંગેના બીલોનો ખર્ચ કરવાનો રહેશે. વધુમાં આઇ.સી.એ.આર. કે અધર એજન્સીની એડહોક યોજનાઓની સમય-મર્યાદા પૂર્ણ થયેલ હોય કે યોજના બંધ થયેલ હોય તેવી યોજનાઓમાં કોઇ પણ પ્રકારનો ખર્ચ કરવાનો રહેશે નહી પરંતુ જો કોઇ આવી યોજનાઓમાં પ્રપોઝડ ગ્રાંટમાં કોઇ પણ પ્રકારનો ખર્ચ કરવામાં આવશે અને ભવિષ્યમાં ગ્રાંટ બાબતે જો કોઇ પ્રશ્નન ઉપસ્થિત થશે તો તેની સંપૂર્ણ જવાબદારી જે તે કચેરીના યુનિટ અધિકારી અને ઉપાડ અને ચુકવણા અધિકારીની રહેશે.

આપની કચેરી હસ્તક ચાલતી પ્લાન /નોન પ્લાય યોજનાઓ સિવાયની તમામ પ્રકારની યોજનાઓમાં સમયસર ગ્રાંટ મેળવવા સક્ષમ અધિકારીશ્રી મારફત જે તે ફન્ડીગ એજન્સીને દરખાસ્ત કરી જુલાઇ-૨૦૨૧ પહેલા ગ્રાંટ મેળવી લેવાની કાર્યવાહી પૂર્ણ કરવાની રહેશે.

સદરહું પરિપત્ર યુનિવર્સિટી હિતમાં માન. કુલપતિશ્રીએ આપેલ મંજુરી અનુસાર જારી કરવામાં આવે છે.

(આર.એચ. ગોંડલીયા)
**હિસાબ નિયામક**

નકલ રવાના : -
(૧) આણંદ કૃષિ યુનિવર્સિટી હસ્તકની તમામ કચેરીના યુનિટ / સબ યુનિટ અધિકારીશ્રીઓ તરફ જાણ અને અમલ સારૂ.
(૨) તમામ કચેરીના ઉપાડ અને ચુકવણા અધિકારીશ્રીઓ તરફ જાણ અને અમલ સારૂ.
(૩) હિસાબી અધિકારીશ્રી (પીએફ/પેન્શન), આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ તરફ જાણ અને અમલ સારુ.

નકલ સવિનય રવાના :-
(૧) માન. કુલપતિશ્રીના અંગત સચિવશ્રી, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ.
(૨) તમામ યુનિવર્સિટી અધિકારીશ્રીઓ, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ.